dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

November 2010 | For private circulation only | Vol. 02 - Issue 46

Real education has to draw out the best from the boys and girls to be educated. This can never be done by packing ill-assorted and unwanted information into the heads of the students. It becomes a dead weight crushing all originality in them and turning them into mere automata.

Mahatma Gandhi (Harijan, 1 Dec-1933)

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના ભાગ રૂપે નોલેજ કોનસોરશિયમ ઑફ ગુજરાત (કેસીજી), શિક્ષણ વિભાગના ઉપક્રમે તા. ૨૫-૨૬ નવેમ્બરના રોજ "ગુજરાતમાં ઉચ્ચશિક્ષણનું ભાવિ" વિષયની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ યોજાઈ ગઈ. આ કોન્ફરન્સમાં પરિવર્તન પામતા વિશ્વમાં ગુજરાતે ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે અગ્ર સ્થાન હાંસલ કરવા માટે માળખાકીય ફેરફારો તથા અભ્યાસક્રમમાં ફેરફારો અંગે વિવિધ પાસાઓને લક્ષમાં લઈ વિશદ ચર્ચાઓ થઈ હતી. ઉચ્ચશિક્ષણને પ્રસ્તુત રાખવા માટે અભ્યાસક્રમમાં આમૂલ પરિવર્તનોની જરૂરિયાત પર ભાર મૂકાયો હતો. અભ્યાસક્રમમાં પુનઃગઠનની બાબતને યુનિવર્સિટીની વિભાવનાને સમજી, તેની પ્રસ્તુતતા કેમ અકબંધ રાખવી, તથા ઉચ્ચશિક્ષણ એ ક્ષમતાવૃધ્ધિનો પર્યાય બની રહે તે રીતે અભ્યાસક્રમનું ગઠન કરવું આવશ્યક છે.

યુનિવર્સિટી એ એક એવું સ્થાન છે; જયાં નવીન વિચારો અંકુરિત થાય છે, મૂળિયાં નાખે છે તથા પુષ્ત બની ચિરંજીવી વિકાસનો આધાર બને છે. યુનિવર્સિટીમાં સર્જનાત્મક વિચારશકિતઓનો સંગમ થાય છે તથા નવી વાસ્તવિકતાઓ અંગેની દ્રષ્ટિ વિકસે છે. પ્રસ્થાપિત ધારણાઓ તથા ભ્રામક ખ્યાલોને ચકાસણીની એરણ પર તાવી, સત્યને પ્રગટાવવામાં આવે છે. યુનિવર્સિટીઓ સમગ્ર વિશ્વની ઉત્તમ માનવ પ્રણાલીઓને સાચવી રહેલી ઉત્તમ ટ્રસ્ટીશીપની સંસ્થા છે. નીતિમત્તા તથા બૌધ્ધિકતાના મૂળભૂત સિધ્ધાંતોને આધારે, માનવીય ગુણો પ્રગટાવતી તથા પ્રસારિત કરતી યુનિવર્સિટીમાં શિક્ષણ એક માત્ર ઉપકરણ ન બની રહેતાં, આજીવિકા પૂરી પાડવાનું તાલીમ કેન્દ્ર પણ છે. આવેશો તથા આવેગોનું શમન કરવાની ક્ષમતા વિકસાવવાની, સંશોધન તથા તાલીમની પ્રયોગશાળા છે. રાજકીય સત્તા તથા સોદાઓથી દૂર, છતાં રાજકીય તાલીમ આપનારી એ અનોખી સ્વાયત્ત સત્તા હોવી જરૂરી છે. આથી જ યુનિવર્સિટી શિક્ષણ એ રાષ્ટ્રીય જવાબદારીના રૂપમાં સ્વીકારાયેલી સંસ્થા છે.

યુનિવર્સિટીની આવી વિભાવનાના સંદર્ભે, તેનાં મૂળભૂત ધ્યેયોનું પ્રયોજન કરીએ તો યુનિવર્સિટી એ ક્ષમતા ઘડતર તથા ક્ષમતાવૃધ્ધિ (Capacity Building and Enhancement) કરવાનો એક માત્ર હેતુ હોઈ શકે. Capacity Buildingને વધુ વિસ્તારથી દર્શાવીએ તો મુખ્યત્વે પાંચ પ્રકારની ક્ષમતા વૃધ્ધિ માટે યુનિવર્સિટીઓમાં અભ્યાસ જરૂરી બને છે. પ્રથમ ધ્યેય છે, વિદ્યાર્થીમાં સંશોધન તથા તપાસ (Research and Enquiry)ના ગુણો વિકસે. આ ગુણોના વિકાસથી વિદ્યાર્થી આજીવન અભ્યાસુ બને છે બીજું ધ્યેય છે : વિદ્યાર્થીની સર્જનાત્મક શકિતઓ તથા નવીનીકરણના ખ્યાલો અપનાવવાની ક્ષમતાનો વિકાસ કરવો જેથી સર્જનાત્મક જ્ઞાનનું વિતરણ ઝડપી બને. ત્રીજી ક્ષમતા : વિકસાવવાની બાબત છે ઝડપથી બદલાતી જતી ટેકનોલોજીને ત્વરીત આત્મસાત કરવાની ક્ષમતા વિકસાવવી. જ્ઞાનયુગમાં ઉભરતા નીત નવા જ્ઞાનની સાથે કદમ મિલાવવા આ ક્ષમતા કેળવવી જરૂરી છે. ચોથી ક્ષમતા છે : ઉદ્યોગ સાહસિકતાના ગુણો વિકસાવવાની. ઉચ્ચશિક્ષણ થકી આજીવિકા તે આ પ્રકારની ક્ષમતાના વિકાસથી શકય બને છે. છેલ્લી બાબત છે : ઉચ્ચશિક્ષણ થકી માહિતીને જ્ઞાનમાં રૂપાંતરિત કરી, જ્ઞાનને ડહાપણમાં ઢાળી, ચારિત્ર્યપૂર્ણ નેતાગીરી (Moral Leadership)નો વિકાસ કરવાનો છે. વેલ્યુ એજયુકેશન એ પણ ઉચ્ચશિક્ષણની મૂળભૂત બાબત છે. ચારિત્ર્ય ઘડતરની બાબતને યોગ્ય શિક્ષણ, પ્રશિક્ષણ તથા તેને અનુરૂપ ચિંતન થકી વ્યવહારમાં મૂકવી જેથી નિરંતર સામાજિક, રાજકીય, આર્થિક તથા વૈશ્વિક સમરસતા જળવાઈ રહે.

યુનિવર્સિટી કક્ષાના શિક્ષણની મૂળભૂત વિભાવના તથા વિદ્યાર્થીઓની ક્ષમતાવૃધ્ધિના હેતુઓને ધ્યાનમાં લઈને અભ્યાસક્રમનું પ્રયોજન થવું જરૂરી છે. અભ્યાસક્રમમાં ગુણાત્મક ફેરફારોએ કાયમી પ્રક્રિયા હોવી જરૂરી છે જેથી સમાજમાં થતા ફેરફારોને અનુરૂપ શિક્ષણ પ્રણાલી તાલમેલ રાખી શકે. જેમ કે - ટેકનોલોજીમાં થતા ફેરફારો, ત્વરીત રીતે અભ્યાસક્રમોમાં સ્થાન પામવા જોઈએ તો જ શિક્ષણ સુસંગત રહે. અભ્યાસક્રમોના પુનઃગઠનમાં મુખ્ય દસ બાબતોનો સમાવેશ કરવો જોઈએ તેવી રજૂઆત પરિષદની છેલ્લી ટેકનિકલ બેઠકમાં કો-ચેર તરીકેના સમાપનમાં મારા વકતવ્યમાં દર્શાવવામાં આવી હતી.

પ્રથમ બાબત છે : આપણા પ્રણાલિકાગત જ્ઞાનને આધુનિક જ્ઞાન સાથે એકીકરણ કરવું તથા ભારતનું માનવજાતિના વિકાસમાં પદાર્પણના પાઠોને સામેલ કરવા જેથી રાષ્ટ્રીય ગૌરવ ઉપજે. ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે એવી ભ્રામક માન્યતા પ્રવર્તે છે કે બધુ જ જ્ઞાન માત્ર પશ્ચિમમાંથી જ આવે છે. જ્ઞાનનો આપણે ભવ્ય વારસો - શૂન્યની શોધ, વિશ્વની સૌથી પ્રાચીન ઈ.સ. પૂર્વે ૭૦૦ વર્ષ પહેલાં સ્થપાયેલી તક્ષશીલા યુનિવર્સિટી, ચોથી સદીની નાલંદા યુનિવર્સિટી, હોકાયંત્રની શોધ, પાંચમી સદીની ભાસ્કરાચાર્યની શોધ કે પૃથ્વીને સૂર્યની પ્રદક્ષિણા કરતાં ૩૬૫.૨૫૮૭૫૬૪૮૪ દિવસો લાગે છે, પાયથાગોરસનો મૂળ સિધ્ધાંત "પાઈ"ની શોધ કરનાર ભારતીય ગણિતજ્ઞ બુધાયન જે છઠ્ઠી સદીમાં થઈ ગયા, અગીયારમી સદીના શ્રીધરાચાર્ય દ્વારા કવાડરીક ઈકવેશનનો ઉપયોગ, આશરે ૨૬૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલ સુશ્રુતાચાર્ય દ્વારા કરવામાં આવતી શારીરિક શસ્ત્રક્રિયાઓ, જેવી અનેક બાબતો

એ આપણો ભવ્ય વારસો છે. આ ભવ્ય વારસાની અસ્મિતા યુવાનોમાં પ્રગટે તેવી જોગવાઈ યુનિવર્સિટીઓના અભ્યાસક્રમોમાં વિવિધ સ્વરૂપે મૂકવામાં આવે તે જરૂરી છે. આધુનિકતાની ઘેલછામાં આપણી ભવ્ય વિરાસત ભૂલાય નહી તે માટે જરૂરી કાળજી રાખવા માટે ઉચ્ચશિક્ષણ જ યોગ્ય સ્થાન છે. આપણા મહાન દાર્શનિકો શ્રી અરવિંદ, સ્વામી વિવેકાનંદ, દયાનંદ સરસ્વતી, મહાત્મા ફૂલે, ગાંધીજી, ટાગોર, વિગેરેના પ્રયોગો તથા અનુભવોને ઉચ્ચશિક્ષણમાં કયાંક સ્થાન મળવું જોઈએ જેથી વિદ્યાર્થી આજીવન અભ્યાસુ બનવાની તૈયારી કરી શકે.

બીજી બાબત છે : ઈનફરમેશન તથા કમ્યૂનિકેશન ટેકનોલોજીને લીધે ઉદ્‌ભવતા પડકારો ઝીલી લેવાની ક્ષમતા કેળવવી તથા આ અદ્યતન ટેકનોલોજીને આધાર બનાવી અગ્રેસર બનવાની તક ઝડપી લેવી. અભ્યાસ માટેનું સાહિત્ય, પ્રક્રિયા તથા સ્વરૂપ ઝડપથી બદલાઈ રહયું છે. આથી ઉચ્ચશિક્ષણના તમામ અભ્યાસક્રમોમાં ICTનું મહત્વ સ્વીકારવું જ રહયું. વિદ્યાર્થી ભલે વિનયનના અભ્યાસક્રમમાં હોય કે ટેકનોલોજીના. લઘુત્તમ જરૂરી ઈનફરમેશન તથા કમ્યૂનિકેશનથી તે સજ્જ થવો જોઈએ.

ત્રીજી બાબત છે : શિક્ષણને જીવનના કૌશલ્યો સાથે જોડવુ. સામાન્ય ફરીયાદ રહે છે કે ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે આપવામાં આવતું શિક્ષણ અને જીવનની વાસ્તવિકતાઓ વચ્ચે નિમ્ન સુમેળ રહે છે. ઉચ્ચશિક્ષણમાં મૂળભૂત લાઈફ-સ્કીલ્સ વિકસે તેવી જોગવાઈઓ અભ્યાસક્રમોમાં અતિ આવશ્યક છે. જેમ કે - કમ્યૂનિકેશન, સેલ્ફ-એવરનેસ, ક્રિએટીવી થિન્કીંગ, સામૂહિક ભાવના, તનાવ યુકત સ્થિતિમાં સમતાની જાળવણી વિગેરે.

જીવનના શાશ્વત મૂલ્યોનો પરિચય તથા મૂલ્યોના વિકાસ માટેનું ભાથું અભ્યાસક્રમોમાંથી મળી રહેવું જોઈએ. સત્ય, સદાચાર, શાન્તિ, પ્રેમ અને અહિંસા એ મુખ્ય શાશ્વત મૂલ્યો છે. આ પાંચ શાશ્વત મૂલ્યોને પ્રદિપ્ત કરનારા વ્યકિતત્વ વિકાસના ગુણો - બૌધ્ધિક, શારીરિક, લાગણીશીલતા, મનોવૈજ્ઞાનિક તથા આધ્યાત્મિકતા સાથે સંગમ થવું જોઈએ. વ્યકિતત્વમાં નીપજતી પાંચ પ્રકારની મુખ્ય ક્ષમતાઓ - જ્ઞાન, કૌશલ્ય, દ્રષ્ટિ, અલગ ઓળખ તથા સમતુલાનું યોગ્ય પ્રગટીકરણ થવું જોઈએ. આમ સમગ્ર શિક્ષણ વ્યવસ્થા એવી ગોઠવવી જોઈએ જેમાં શાશ્વત ગુણો, વ્યકિતત્વ તથા ક્ષમતાઓનું યોગ્ય સંયોજન વિકસવું જોઈએ.

પાંચમી આત્માની બાબત છે : પ્રણાલિકાગત જ્ઞાનની વ્યવસ્થા અને મુકત શિક્ષણ વ્યવસ્થાનો સંગમ થવો જરૂરી છે. કેટલીક બાબતો ઉચ્ચશિક્ષણના ઉંમરમાં પુખ્ત વિદ્યાર્થીઓએ સ્વયં મુકત શિક્ષણ વ્યવસ્થા શીખવી જોઈએ તથા મૂળભૂત બાબતો પ્રણાલિકાગત શિક્ષણ વ્યવસ્થામાંથી મળે. મુકત તથા પ્રણાલિકાગત શિક્ષણના સંગમથી જ્ઞાનને આત્મસાત કરવાની તથા કૌશલ્યો પ્રાપ્ત કરવાની ઝડપ વધારી શકાય તથા સાધનોનો મહત્તમ ઉપયોગ શકય બને.

છઠ્ઠી બાબત છે : ભિન્ન પ્રકારની જરૂરિયાતોને પહોચી વળતા વિશિષ્ટ જ્ઞાનને અભ્યાસક્રમોમાં સ્થાન આપવું. જેમ કે - પર્યાવરણ શિક્ષણ, ગ્રાહક જાગૃતિ, એઈડ્સ એજયુકેશન, હયુમન રાઈટસ એજયુકેશન, લીગલ અવેરનેસ એજયુકેશન, શાન્તિ શિક્ષણ, વસ્તી શિક્ષણ, આંતરિક સલામતીનું શિક્ષણ, સ્થળાંતર શિક્ષણ, વૈશ્વિક શિક્ષણ, વગેરે. આ પ્રકારના શિક્ષણથી સામાજિક સમસ્યાઓના નિરાકરણનો પાયો વધુ સુદ્રઢ બનશે. ચિરંજીવી વિકાસ માટે આ પ્રકારની બાબતોને અભ્યાસક્રમોમાં સ્થાન પ્રાપ્ત થાય તે જરૂરી છે.

સાતમી બાબત છે : શિક્ષણને વર્લ્ડ ઓફ વર્ક સાથે સંલગ્ન કરવું વોકેશનલ શિક્ષણને ઉચ્ચશિક્ષણમાં ખૂબ જ નિમ્ન પ્રમાણમાં પ્રાધાન્ય મળતું હોઈ, માત્ર ડીગ્રી મેળવવા ભણવું તેવો માહોલ પેદા થયો છે. એક બાજુ અનેક ડીગ્રી ધારકો, નોકરીની શોધમાં છે; તો બીજી બાજુ ઉદ્યોગો તથા વેપાર માટે યોગ્ય ક્ષમતા ધરાવતા વ્યકિતઓ અપ્રાપ્ય છે. ઉચ્ચશિક્ષણમાં 'વોકેશનલ' અભ્યાસક્રમને સાંકળવાથી આ સમસ્યાનુ નિવારણ શકય છે. ઉદાહરણ તરીકે જે રીતે ઓટોમોબાઈલ ઉદ્યોગ વિકસી રહયો છે તેના પ્રમાણમાં ટેકનીકલી સજ્જ વાહન રીપેર કરનારા વ્યકિતઓની તંગી છે. વિનયન જેવી વિદ્યાશાખાઓમાં ભાષાઓનું અધ્યયન કરેલા અનેક ડીગ્રી ધારકો છે; પણ પ્રૂફ રીડીંગ કે ભાષાકીય શુધ્ધતા માટે પ્રિન્ટીંગના વ્યવસાયમાં કુશળ વ્યકિતઓની તંગી છે.

આઠમી બાબત છે : વ્યકિતના વિકાસમાં બૌધ્ધિક ક્ષમતાના વિકાસની સાથે, ભાવાત્મકતા વધે તેમજ આધ્યાત્મિકતા પ્રગટે તે માટેની સમતુલા વિકસે તેવી જોગવાઈ અભ્યાસક્રમોના ગઠનમાં થાય તે જરૂરી છે. IQ-EQ અને SQનો સંગમ થાય તો જ પૂર્ણ વ્યકિતત્વ ખીલી ઉઠે.

નવમી બાબત છે : વૈશ્વિકીકરણની અસરો માટે વિદ્યાર્થીઓને સજ્જ કરવા. ઉચ્ચશિક્ષણનો વિદ્યાર્થી, સમગ્ર વિશ્વમાં જયાં જરૂરિયાત હોય ત્યાં પહોંચી પોતાનું કાર્ય ઉત્તમ રીતે કરી શકે તે માટે વિશ્વની વિવિધ સંસ્કૃતિઓ, ભાષાઓ તથા પ્રદેશોનું જ્ઞાન તેની પાસે હોવું જોઈએ. આ માટે ઘર આંગણેથી શરૂ કરી ગુજરાતના વિવિધ પ્રાંતો, ભારતનાં વિવિધ રાજયો તથા વિશ્વસ્તરે કામ કરવાની સજ્જતા કેળવવી જરૂરી છે. માત્ર રાજયની ભાષા નહી, પરંતુ વિવિધ રાજયોની ભાષાઓ જાણવી જરૂરી છે. આંતરરાષ્ટ્રીય અંગ્રેજી ભાષા, માતૃભાષા તેમજ રાષ્ટ્રીયભાષા જેટલી જ અગત્યની છે.

અભ્યાસક્રમના ગઠનમાં છેલ્લી અગત્યની બાબત છે : અધ્યાપકોને સશકત બનાવવા. અધ્યાપકોની સક્રિય ભાગીદારી તથા સતત તાલીમ વિના વર્ગશિક્ષણ કર્મકાંડ જ બની રહે. અભ્યાસક્રમ જે કક્ષાનો હોય પણ તેનું પ્રત્યાયન શિક્ષક થકી થાય છે. આથી શિક્ષકની ભૂમિકા જો યોગ્ય ન હોય તો, યોગ્ય પરિણામ પ્રાપ્ત થઈ શકે નહિ. ટોપ-ડાઉન તથા બોટમ-અપ એમ બન્ને પ્રકારના પ્રયોગોનું સમન્વય થવું જરૂરી છે.

સહજ સવાલ થાય કે ભારવાળું ભણતર કેવી રીતે ભાર વિનાનું ભણતર બનાવી શકાય ? જવાબ છે - વિદ્યાર્થીની રુચિને અનુરૂપ, વિવિધ વિકલ્પો પીરસવા. ચોઈસ-બેઝડ-ક્રેડિટ સિસ્ટમ એ કંઈક અંશે આ પ્રશ્નોનો ઉકેલ છે.

સૌથી અગત્યની બાબત છે : અભ્યાસક્રમોનું અમલીકરણ. આ માટે સતત મૂલ્યાંકનની નવીન પધ્ધતિ વિકસાવવી પડશે. માત્ર સત્રાંતે થતી પરીક્ષાને બદલે અધ્યાપક તથા વિદ્યાર્થી બન્નેએ સતત અભ્યાસુ બની, મૂલ્યાંકનમાંથી મર્યાદાઓ દૂર કરી, શકિતઓ વિકસાવવી પડશે. પરીક્ષા પધ્ધતિ ભૂલો કાઢી મૂલ્યાંકન કરનારી પધ્ધતિને બદલે ભૂલો નાબૂદ કરનારી પધ્ધતિ બને તો જ આ શકય બને.

પરિષદની સૌથી મહત્વની ઘટના એ હતી કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઉદ્દઘાટન સમારંભમાં આપેલ ખાત્રી હતી કે જે ફેરફારો જરૂરી હોય તે સૂચવો, રાજય સરકાર તેને અપનાવવા તૈયાર છે.

૩૦ નવેમ્બર, ૨૦૧૦

બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## ગૌરવ



ડૉ. એન.ટી.આર. યુનિવર્સિટી, વિજયવાડા ખાતે બેડ્મિન્ટન (ભાઈઓ-બહેનો)ની ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી, ઈન્ટર ઝોનલ ટુર્નામેન્ટ યોજાઈ હતી. આ સ્પર્ધામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની બહેનોએ આ વર્ષે ઐતિહાસિક સિદ્ધી પ્રાપ્ત કરી છે અને સમગ્ર દેશમાં આપણી યુનિવર્સિટીનું નામ સુવર્ણ અક્ષરે લખાયું છે. ગયા વર્ષે બેડ્મિન્ટનના આ ખેલાડી બહેનોએ વેસ્ટ ઝોનમાં ચેમ્પીયનશીપ એન્ડ ઓલ ઈન્ડિયા ખાતે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. એક વર્ષની સખત મહેનત અને નિષ્ઠાસભર પ્રેકટીસના કારણે આ વર્ષે ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધામાં આપણી યુનિવર્સિટીએ જયજયકાર કરી વિજય ધ્વજ લહેરાવ્યો છે.



ગુજરાત રાજયની તમામ યુનિવર્સિટીઓમાં સૌ પ્રથમવાર બેડ્મિન્ટન (બહેનો)નો વિજય સ્વર્ણિમ ગુજરાતના વર્ષે થયો છે. તે અત્યંત નોંધપાત્ર છે. કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિ, કુલસચિવશ્રી જે. આર. મહેતા અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેન ડૉ. વિનોદ પટેલે હાર્દિક અભિનંદન આપી ખેલાડી બહેનોને બીરદાવી હતી. આ યશસ્વી, પ્રેરણાદાયી સિધ્ધિ મેળવનાર ખેલાડીઓમાં ૧. કુ. વૈશાલી બારીયા એફ. ૨. કુ. પટેલ પ્રિયાના જે. ૩. કુ. પરદેશી કૃતિકા એ. અને ૪. કુ. પરમાર હિના કે. હતા.

## International Conference

Knowledge Consortium of Gujarat, Department of Education, Government of Gujarat and Pandit Deendayal Petroleum University, Gandhinagar દ્વારા તા. ૨૫-૨૬ નવેમ્બર, ૨૦૧૦ દરમ્યાન યોજાયેલ International Conference on Themes of Higher Education : Prospects of Gujarat વિષય પરની ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોના અધ્યક્ષ, કો ઓર્ડિનેટર પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે ઉપસ્થિત રહયા હતા. જેમાં ૧. ડો. મોહિની ગઢિયા, પ્રોફે. એન્ડ હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ એકવેટિક બાયોલોજી ૨. ડો. સુભદ્રા રાઘોથામન, પ્રાફે.એન્ડ હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિકસ ૩. ડો. એમ. જી. ટીમોલ, રીડર એન્ડ ઈ.ચા. હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ મેથેમેટિકસ ૪. ડો. કે. સી. પોરીયા, પ્રોફે. એન્ડ હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિકસ ૫. ડો. પરવેઝ એ. અબ્બાસી, પ્રોફે. એન્ડ ઈ. ચા. હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ સોશ્યોલોજી ૬. ડો. આર. ડી. પટેલ, પ્રોફે. એન્ડ હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટેસ્ટીકસ ૭. ડો. વી. જી. શાહ રીડર એન્ડ હેડ, યુસિક સેન્ટર ૮. ડો. ગૌરવ શાહ, આસી. પ્રોફે. એન્ડ કો-કોર્ડિનેટર, બાયોટેકનોલોજી પ્રોગ્રામ. ૯. શ્રી બી.જે.અંકુયા, ઈ.ચા. યુનિવર્સિટી ગ્રંથપાલ અને કો-ઓર્ડિનેટર, ડિપાર્ટમેન્ટ ઓફ લાયબ્રેરી એન્ડ ઈનફરમેશન સાયન્સ ઉપસ્થિત રહયા હતા.

તદપરાંત આ ઈન્ટરનેશનલ કોન્ફરન્સની કોર કમિટિના સભ્યશ્રી અને કુલપતિશ્રી પ્રોફે. (ડો.) બી.એ.પ્રજાપતિએ ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં ઉપસ્થિત રહીને તા. ૨૬-૧૦-૨૦૧૦ના રોજ Redesigning Curricula in Higher Education II વિષય પરના વિભાગમાં ચેર પર્સનની ભૂમિકા નિભાવી હતી તથા Redesigning Curricula in Higher Education- II વિષય પર શોધપત્રનું વાચન પણ કાર્ય હતું.

## 17th National Conference



તા. ૧૫-૧૭ નવેમ્બર, ૨૦૧૦ દરમ્યાન "લીકવીડ ક્રિસ્ટલ"ના વિષય પર ત્રિદિવસીય નેશનલ કોન્ફરન્સનું આયોજન રસાયણશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા કરવામાં આવ્યું હતું. કોમ્પ્યુટર સાયન્સના સેમિનાર હોલમાં પ્રો. કે. એ. સુરેશ, ડાયરેકટર, સેન્ટર ફોર લીકવીડ ક્રિસ્ટલ રિસર્ચ, બેંગ્લોર દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટીના સિન્ડીકેટ સભ્યશ્રીઓ, સેનેટ



સભ્યશ્રીઓ, અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ તેમજ કોલેજના આચાર્યશ્રીઓ વગેરે હાજર રહયા હતાં. કોન્ફરન્સમાં દેશના આશરે ૧૫૦ જેટલા પ્રાધ્યાપકો તેમજ રિસર્ચ સ્ટુડન્ટસે ભાગ લીધો હતો. ઉદ્‌ઘાટન સમારંભમાં કોન્ફરન્સના ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી પ્રો. બી.ટી. ઠાકરે સ્વાગત પ્રવચન કર્યું હતું. વિભાગના વડા પ્રો. બહાદુરે વિભાગમાં ચાલતી સંશોધન પ્રવૃત્તિ તેમજ એકેડેમીક પ્રવૃત્તિનો સવિસ્તાર રીપોર્ટ આપ્યો હતો તેમજ વિભાગની પ્રગતિથી સૌને વાકેફ કર્યા હતા. લીકવીડ ક્રિસ્ટલ પદાર્થની એક એવી અવસ્થા છે કે જે ખૂબ મહત્વની છે જેમાં



રસાયણશાસ્ત્રી, ભૌતિકશાસ્ત્રી, જીવશાસ્ત્રી બધા એક જ છત નીચે કામ કરી શકે છે અને ખાસ કરીને એન્જીનીયરીંગ તેમજ મેડીસીન ક્ષેત્રમાં આ અવસ્થા ખૂબ જ ઉપયોગી હોય તેનું મહત્વ વધારે છે. વિશેષ કરીને કોમ્પ્યુટર, કેલ્ક્યુલેટર, ડીજીટલ ટીવી, લેપટોપ, ડીજીટલ કલોક, ડીજીટલ કેમેરા, ડીજીટલ થર્મોમીટર, સીડી ઉપરાંત ઘણા ઈલેકટ્રોનિકસ સાધનોમાં લીકવીડ ક્રિસ્ટલનો ઉપયોગ ખુબ પ્રમાણમાં થઈ રહયો છે. કેન્સર જેવા રોગોના નિદાન તેમજ સારવારમાં પણ લીકવીડ ક્રિસ્ટલનો ઉપયોગ કરવામાં આવી રહયો છે. આથી જ આજના યુગમાં "લીકવીડ ક્રિસ્ટલ"નું મહત્વ ખૂબ વધી ગયું છે.



આમ વિભાગ દ્વારા કોન્ફરન્સનું આયોજન ખૂબ ઉપયોગી બને રહેશે. બેંગ્લોરના પ્રો. કે.એ. સુરેશ, વડોદરાના પ્રો. વોરા તેમજ હંગેરીના પ્રો. એન. એબર તથા બેંગ્લોરના પ્રો. કે.એસ. ક્રિષ્નમૂર્તિએ રસપ્રદ અને માહિતીસભર વ્યાખ્યાનો આપ્યાં હતાં. શાંતિ સ્વરૂપ એવોર્ડ વિજેતા અને બેંગ્લોર ઈન્ડીયન



ઈન્સ્ટીટયૂટના પ્રો. એન. જયરામએ ડેન્ડ્રેટીક લીકવીડ ક્રિસ્ટલ વિશે માહિતી આપતાં જણાવ્યું કે, શરીરમાં રૂધિરાભિસરણનું કામકાજ કરતી ધમની અને શિરા જેવો દેખાવ લીકવીડ ક્રિસ્ટલ ધરાવે છે. જેથી શરીર માટે પણ લીકવીડ ક્રિસ્ટલ ઘણા મહત્વના છે. આર્યલેન્ડથી આવેલ ઈલેકટ્રોનીક એન્જીનીયર ડૉ. જગદીશ



વીજે ઈલેકટ્રોનીક ઈન્ડસ્ટ્રીઝમાં લીકવીડ ક્રિસ્ટલના ઉપયોગ વિશે ખૂબ રસપ્રદ માહિતી આપી હતી. જયારે લ્યુથેપેનિયાથી આવેલા પ્રો. એચ. બિસ્નોઈએ ગોળાકાર ડીસ્ક જેવા દેખાતા ડિસ્કોટીક લીકવીડ ક્રિસ્ટલ વિશે સુંદર અને માહિતીસભર વ્યાખ્યાન આપ્યું હતું. સદરહુ કોન્ફરન્સના સ્પોન્સર DST, CSIR, INSA, SAP અને GUJ COST હતા.

## M.Phil

A List of Dissertations accepted by Veer Narmad South Gujarat University, Surat. during Jun-October, 2010.

**Comparative Literature :**

1. Gamit, Alpabhai Ukadiyabhai. **'બત્રીસ પૂતળીની વેદના' (ગુજરાતી) અને 'સંસ્કાર' (કન્નડ) નવલકથામાં સામાજિક શોષણઃ એક વિષયવસ્તુલક્ષી તુલનાત્મક અભ્યાસ.** (Dr. Damyantiben D. Parmar), Reader & Head, Department of Comparative Literature, Veer Narmad South Gujarat University, Surat.

1 Dhodia, Bina N. **'તણખા મંડળ-૧' 'ધૂમકેતુ (ગુજરાતી) અને 'ટાગોરની શ્રેષ્ઠ વાર્તાઓ (બંગાળી) : એક અભ્યાસ.** (Dr.Damyantiben D. Parmar), Reader and Head, Department of Comparative Literature, VNSGU, Surat.

**Economics**

1. Patel, Nileshkumar Bhagubhai. **A comparative study of change in consumption pattern in India and Gujarat (1993-2007).** (Shree M.B.Dave), Retd., Reader, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat.

2. Padasala, Bhkhulal M. **સુરતમાં રત્નકલાકારોની સામાજીક આર્થિક પરિસ્થિતિ પર વૈશ્વિક મંદીની અસરો.** (Dr. Ashok Shrotriya), Navyug Arts College, Surat.

3. Parmar, Hemantkumar L. **ખેતમજુરોની સામાજીક આર્થિક પરિસ્થિતિ : ભરૂચ જીલ્લાના હાંસોટ તાલુકાનો એક અભ્યાસ.** (Dr.V.A.Joshi), M.K.College of Commerce, Bharuch.

4. Patel, Divyani L. **Region, genrder and religion wise literacy rate in Gujarat.** (Dr.K.S.Chavda), Smt.Kusumben Kadakia Arts-Commerce College, Ankleshwar.

5. Patel, Rasiklal N. **વલસાડ જીલ્લાના મીઠા ઉધોગમાં કામ કરતા અગરિયાઓની સામાજિક-આર્થિક સ્થિતિ : એક અભ્યાસ.** (Dr. V.A.Joshi), M.K.College of Commerce, Ankleshwar.

6. Sikarwar Garima V. **Role of institutions in agricultural marketing a case study of wheat marketing in Jaipur district.** (Dr.Subadra Ragothaman) Professor and Head, Department of Economics, VNSGU,Surat.

6. Solanki, Arunabahen N. **બારડોલી ખાંડ ઉધોગમાં સ્થળાંતરીત થયેલા કામદારોની સામાજિક-આર્થિક સ્વાસ્થ્ય વિષયક પરિસ્થિતિઓનો અભ્યાસ (શેરડી કાપણી અને ભરાઈ કરતા કામદારોના સંદર્ભમાં)** (Dr.Subadra Ragothaman) Professor and Head, Department of Economics, VNSGU,Surat.

7. Vadikar Prashant I. **A case study of male child labour in Surat city : an econometric analysis.** (Shri

Medhavin B.Dave), Retd.Associate Professor, Department of Economics, VNSGU, Surat.

**English**

1. Parekh, Pratixa Chandrakanthbhai. **Translation of Suresh Joshi's poems into english.** (Dr. Sachin Ketkar), Reader, Dept. of English, The M. S. University of Baroda, Vadodra-2. Co. Supervisor: (Dr. E.V.Ramakrishnan), Head Dept. of English, Veer Narmad South Gujarat University, Surat.

**Gujarati**

1. Chaudhari, Hemlataben Ramanbhai. **'અકસ્માત્' અને 'ધુમ્મસ'** (Dr. Jitendra Chaudhari), Lecturer, V.S.Patel College of Arts & Science, Bilimora.
2. Chaudhari, Reenaben Singabhai. **ચૌધરી બોલીનું મૌખિક સાહિત્ય – ઉઘડતી જતી નવી ક્ષિતિજો (એક ભાષાકીય અધ્યયન).** (Dr. J.S.Chaudhari), Principal, Shree M.R.Desai Arts & Commerce College, Buhari, (Virpor).
3. Desai, Hetalben Bharatbhai. **ગુલાબદાસ બ્રોકરની વાર્તાઓમાં નારી ચિત્રણ.** (Dr. Bharat S. Parikh) Lecturer, Smt. J.P.Shroff Arts College, Valsad.
4. Gayakwad, Kamaleshbhai Rameshbhai. **કાનજી પટેલના કથાસાહિત્યમાં ગ્રામીણ પરિવેશઃ એક અભ્યાસ.** (Dr. A.A.Shaikh), Lecturer, Govt. Arts & Commerce College, Vansda.
5. Patel, Heenaben Hasmukhbhai. **મણિલાલ હ. પટેલના નિબંધોમાં ગ્રામ્યજીવન.** (Dr. Damyanti Parmar), Reader & Head, Department of Comparative Literature, Veer Narmad South Gujarat University, Surat.
6. Patel, Dipika Babubhai. **વીર નર્મદની આત્મકથા 'મારી હકીકત' તથા ડો. ગુણવંત શાહની આત્મકથા 'બિલ્લો ટિલ્લો ટચ' એક અધ્યયન.** (Dr. Rekhaben Bhatt), Lecturer, M.T.B.Arts College, Surat.
7. Patel, Kalpanaben Mohanbhai. **મફત ઓઝાની વાર્તાઓમાં નારી.** (Dr. A. A. Shaikh) Lecturer, Government Arts & Commerce College, Vansda.
8. Patel, Kartika Rashmikant. **ચુનીલાલ મડિયાની સધરા જેસંગ શ્રેણીની નવલકથાઓ – એક અભ્યાસ.** (Dr. Jayshri J. Chaudhari), Lecturer, Smt. K. K. Kadakia Arts & Commerce College, Ankleshwar.
9. Patel, Pravinaben Bhikhubhai. **શ્રી અશોકપુરી ગોસ્વામીની પ્રાદેશિક નવલકથાની નાયિકાઓ .** (Prof. Dr. Mina C. Shah), Shah N. H. Commerce College, Valsad.
10. Patel, Sheetalben Gulabbhai. **ધીરૂબહેન પટેલની 'શીમળાનાં ફૂલ' અને 'કાદંબરીની મા' માં નારી : એક અભ્યાસ.** (Dr. Gajanan B. Patel) Arts & Commerce College, Chikhli.
11. Patel, Shitalbahen Babubhai. **બટુભાઈ ઉમરવાડિયાનાં એકાંકીઓ એક અભ્યાસ.** (Dr. Mina Shah), Shah N. H. Commerce College, Valsad.
12. Patel, Vaishaliben Kantibhai. **સુંદરમ્‌ની વાર્તાઓમાં વાસ્તવ.** (Dr. Damyantiben D. Parmar), Reader & Head, Department of Comparative Literature, Veer Narmad South Gujarat University, Surat.
13. Patel, Vilasini Ishvarbhai. **'શીમળાનાં ફૂલ', 'માટીનું ઘર' અને 'બત્રીસ પૂતળીની વેદના' નવલકથાઓમાં નારી સમસ્યાઓ એક અધ્યયન.** (Dr. D. G. Patel) Lecturer, V. S. Patel College of Arts & Science, Bilimora.
14. Tandel, Jayashribahen Champakbhai. **નવલકથાકાર ઝવેરચંદ મેઘાણીની સામાજિક નવલકથાઓ ('નિરંજન', 'વેવિશાળ' અને 'તુલસીક્યારો') માં કૌટુંબિક સમસ્યાઓ : એક અભ્યાસ.** (Dr. D. G. Patel), V. S. Patel College of Arts & Science. Bilimora.
15. Chaudhari, Rasilaben C. **જયંતિ દલાલની વાર્તાસૃષ્ટિ એક અભ્યાસ** (Dr.J.S.Chaudhari), Shri Morarji Desai Arts-Comm.College,Buhari
16. Master, Tejal S. **વાર્તાકાર ચંદ્રકાન્ત બક્ષીની ટૂંકી વાર્તાઓમાં કથનશૈલી : એક અભ્યાસ** (Dr.D.G.Patel), V.S.Patel College of Arts-Science, Bilimora.
17. Patel, Chetanakumari M. **ગૃહદાહ (બંગાળી) અને શીમળાનાં ફૂલ (ગુજરાતી) નવલકથાઓનો તુલનાત્મક અભ્યાસ** (Dr.Jashu Patel), Arts-Commerce College, Olpad.
18. Patel Hetalben M. **પ્રદ્યુમ્ન જોષીપુરાનું હાસ્ય સાહિત્ય એક અભ્યાસ (વંદેમાતરામ, બોલ્યુ બાફ્યું માફ, વર્તુળના વિકર્ણ)** (Dr.R.T.Bhatt), M.T.B.Arts College, Surat.
19. Patel Vaishalibahen I. **પ્રવિણ દરજીની પ્રવાસકથાઓ એક અભ્યાસ** (Dr.J.J.Chaudhari), Smt. Kusumben Kadakia Arts-Commerce College, Ankaleshwar.
20. Rathod, Bahvnaben N. **મકરન્દ દવેનું પત્રસાહિત્ય (મરમ જાણે મકરન્દા ના વિશિષ્ટ સંદર્ભે) એક અભ્યાસ** (Dr.J.M.Gurjar), Smt.Kusumben Kadakia Arts-Comerce College, Ankleshwar.

**Hindi**

1. Ahir, Ishvarbhai Haribhai. मुझे चाँद चाहिए : एक अनुशीलन (कथ्य-चेतना, पात्र-परिकल्पना एवं संदर्भ-संपन्नता के विशेष परिप्रेक्ष्य में (Dr. Madhuben M. Vasava), Lecturer, Shri M. R. Arts & Science College, Rajpipla.
2. Ahir, Lataben Somabhai. 'लक्ष्मीनारायण लाल के प्रेम कथात्मक लघु उपन्यास : एक अध्ययन ('मन वृंदावन', 'देवीना' और 'वसंत की प्रतीक्षा' के संदर्भ में) (Dr. K. H. Tadvi), Principal, Govt. Arts & Commerce College, Khergam.
3. Bharambe, Chetankumar Nilkanth. अलका सरावगी कृत 'कलि कथा:वाया बाइपास' : एक अध्ययन. (Dr. Bhavesh V. Jadhav), M.T.B. Arts College, Surat.
4. Bhoye, Santoshbhai Gangarambhai. चित्रा मुद्गल कृत "आवाँ" : एक अध्ययन. (Dr. Amrutbhai S. Prajapati), Lecturer, Government Arts & Commerce College, Vansda.
5. Chavda, Shobhnaben Girdharbhai. भीष्म साहनी कृत 'तमस' में युगचेतना. (Dr. Kirtida B. Parikh), Lecturer, Smt. J. P. Shroff Arts College, Valsad.
6. Gamit, Sunitabahen Amrutbhai. श्रीकान्त वर्मा की कहानियों में नारी। (Dr. B. J. Solanki), Arts & Science College, Rajpipla.
7. Patel, Maheshkumar Chhaganbhai, 'कबिरा खडा बजार में एक अध्ययन. (Dr. Nilamben Magzen), Lecturer in Hindi, Smt. J. P. Shroff Arts College, Valsad.
8. Patel, Nilamkumari Kikubhai. 'कगार की आग' – एक अध्ययन. (Dr. Nilamben Megzen) Smt. J. P. Shroff Arts College, Valsad.

9. Desai, Hetalkumari J. सूर्यबाला के उपन्यासो में स्त्रसत्ववादी विमर्श (सुबह के इन्तजार तक, मेरे संधिपत्र और यामिनी कथा के विशेष संदर्भ में (Dr.M.S.Padvi), M.T.B. Arts College, Surat

10. Patel, Dipikakumari C. मृदुला गर्ग के उपन्यासो में नारी : अेक अध्ययन (Dr.G.M.Patel), V.S.Patel College of Arts-Science,Bilimora.

**History**

1. Dungarani Urvashiben Ganeshbhai. **સૌરાષ્ટ્રમાં નિમ્બાર્ક સંપ્રદાય અને તેની વિવિધ પ્રવૃતિઓ : એક અધ્યયન (ઈ.સ. ૧૮૦૦ થી ૨૦૦૦).** (Dr. Mukeshbhai J. Patel), M.T.B. Arts College, Surat.

2. Parmar, Pareshkumar C. **કછોલી ગાંધીઘરના પ્રણેતા – સમાજસુધારક–મુકસેવક, સ્વાતંત્ર્યસેનાની કર્મયોગી શ્રી કીકુભાઈ જી. નાયક : એક ઐતિહાસિક અભ્યાસ. (ઈ.સ. ૧૯૦૩ થી ૨૦૦૫)** (Dr.B.G.Desai), Arts,Science and Commerce College, Kholvad.

3. Tailor, Nafisa Y. **મહાસભાની પ્રથમ તબકકાની મવાળવાદી નીતિ અને તેમાંથી જન્મેલ જહાલવાદીઓના ઉદ્‌ભવ સમયનો તુલનાત્મક અભ્યાસ** (Dr.K.M.Katariya), Akhand Anand Arts Commerce College,Sirat.

4. Vyas, Jignashaben J. **ઓગણીસમી સદીના ગુજરાતના બૌધ્ધિકોની સામાજીક ભૂમિકાના સંદર્ભમાં કવિ દલપતરામ અને નર્મદના વિચારો અને પ્રવૃત્તિઓનું એક તુલનાત્મક ઐતિહાસિક અધ્યયન.** (Dr.D.C.Pandya), Arts-Commerce College, Vyara.

**Mathematics**

1. Mehta, Shitalben Harshabhai. **A spline collocation approach to various problems related to the boundry layer flow.** (Dr. Dilip C. Joshi), Reader in Mathematics, Department of Mathematics, Veer Narmad South Gujarat University, Surat.

2. Patel, Rizwana Abdurrahim. **On the method of reducation of partial differential eq u a t i o n s into ordinary differential equations.** (Dr. M. G. Timol), Reader, Department of Mathematics, Veer Narmad South Gujarat University, Surat.

3. Pathan, Atekabibi Ziya Ahmedkhan. **On burger's equation: a numerical approach.** (Dr. V. H. Pradhan) Shree J. P. Arts & Science College, Bharuch.

4. `Phanse, Swati Jatin. **A Discussion of some eoq models with stock-dependent demand rate, delay in payment and cash discount.** (Dr. P. N. Mishra), Narmada College of Science & Commerce, Zadeshwar.

5. Saxena, Nishtha Rajendra Pratap. **Critical study of various ferrofluid models.** (Dr. Dineshkumar Verma), Lecturer, Narmada College of Science and Commerce, Bharuch.

6. Sheth Dharatiben Girishchandra. **The study of diffusion equations using laplace transforms technique.** (Dr. D. M. Patel), Sir P. T. Sarvajanik College of Science, Surat.

7. Sheth, Shruti Sureshkumar. **Similarity solutions of diffusion equations.** (Dr. D. M. Patel) Sir P. T. Sarvajanik College of Science, Surat.

8. Vathalloor, Sini Joseph. **Application of green's functions to elliptic partial differential equations.** (Dr. Rashmi R. Keshvani), Ass. Prof., S.C.E.T., Surat.

9. Gandhi, Gaurav I. **On variational inequality and complementarily problems.** (Dr.A.A.Shaikh), V.S.Patel College of Arts-Science, Bilimora.

10. Parmar, Hiralben D. **Deductive group theoretic-method for some engineering boundary value problems.** (Dr.M.G.Timol), Professor, Department of Mathematics, VNSGU, Surat.

11. Patel, Vandanaben R. **Studies of generalized inverses.** (Dr.P.H.Bhathawala), Retd.Prof. Department of Mathematics, VNSGU, Surat.

12. Rabadiya, Asmitaben B. **On the three-dimensional unsteady magnetohydrodynamic boundary layer flow of power-law fluids past straching surface.** (Dr.M.G.Timol), Professor, Department of Mathematics, VNSGU, Surat.

13. Vaid, Ekta D. **Studies on integer programming problems.** (Dr.D.M.Patel), Sir P.T.S.College of Science, Surat.

**Microbiology**

1. Naik, Jignaben Pranavkumar. **Study on the blovars and serovars of escherichia coli from clinical samples & their drug susceptibility pattern.** (Dr. Pratibha Desai) Director, S.R.I.C.E.A.S., Surat.

2. Shah, Manisha Nijay. **Study of prevalence and antibiotic resistant pattern in cases of neonatal septicemia.** (Dr. Pratibha Desai), Director, S.R.I.C.E.A.S., Surat.

3. Sharma, Poornima. Comparative study of rhizosphere flora of bambus strica and eucalyptus cappldulensis. (Dr.Pratibha Desai), S.R.I.C.E.A.S.,Surat

4. Shah, Charmi P. In-vitro antibacterial activity of some medicinal plants against the bacterial isolates of dacryocystitis. (Dr.Bhavesh Joshi), C.G.B.I. of Biotechnology, Tarsado.

**Psychology**

1 Patel, Amrutkumar J. **ઓપન બુક ટેસ્ટ પ્રત્યે સુરત શહેરની ઉચ્ચતર માધ્યમિક અને માધ્યમિક શાળાઓના આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓના મનોવલણોનો અભ્યાસ.** (Dr.R.M.Vyas), M.T.B.Arts College, Surat.

2 Thakkar, Darshankumar N. **ભરૂચ શહેરના ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓનાં વ્યકિતત્વ ગુણ અને સમાયોજન અંગેનો** (Dr.A.C.Sharma), S.B.Garda College Arts and P.K.Patel College of Commerce, Navsari.

3 Vasava, Ashishkumar R. **ભરૂચ અને નવસારી જીલ્લાના અનુસૂચિત જનજાતિના કોલેજોના વિદ્યાર્થીઓના વ્યકિતત્વ ગુણો તથા માનસિક સ્વાસ્થ્યની કક્ષાનો તુલનાત્મક અભ્યાસ.** (Dr.A.C.Sharma), S.B.Garda College Arts and P.K.Patel College of Commerce, Navsari.

**Rural Studies**

1 Patel, Jayeshbhai, G. **ગ્રામવિકાસના સંદર્ભના કૃષિવિજ્ઞાન કેન્દ્રનું મૂલ્યાંકન.** (Dr.D.R.Shah), Retd.Professor, Mahatma Gandhi Department of Rural Studies, Surat.

2 Ray, Purvi, D. **દક્ષિણ ગુજરાતમાં સુરત જીલ્લાનાં અંતરિયાળ અને વિકાસશીલ વિસ્તારનાં ગામોમાં વીમા યોજનાના લાભાર્થીઓની પરિસ્થિતિનો અભ્યાસ.** (Dr.D.R.Shah), Retd.Professor, Mahatma Gandhi Department of Rural Studies, Surat.

**Statistics**

1. Shah, Tanvi Bakulbhai. **A study on non response error.** (Dr. A. J. Rajyaguru) Reader, Department of Statistics, Veer Narmad South Gujarat University, Surat.

**Sociology**

1. Machhi, Shaileshbhai Arjunbhai. **દક્ષિણ ગુજરાતનાં માછીઓનો અભ્યાસ, (વલસાડ જીલ્લાના ઉંમરગામ તાલુકાનાં નારગોલ અને ખત્તલવાડા ગામમાં વસતા માછીઓનાં સંદર્ભમાં).** (Dr. M. N. Gayakwad), Reader, Department of Sociology, V.N.S.G.U. Surat.

**Physics**

1. Desai, Isha Bhupendrakumar. **A Study of Construction of Ground-State nuclei with various nn-potentials in static and dynamic methods.** (Dr. Subodh S. Godre) Reader. Department of Physics V.N.S.G.U.Surat.

# કોલેજ ન્યૂઝ

## સ્પર્ધા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ઈન્ટર કોલેજીએટ બોકસીંગ ટૂર્નામેન્ટમાં વી. એસ. પટેલ કોલેજ, બિલિમોરાના વિદ્યાર્થીઓ : ૧. ચૌધરી સમીર એમ : ૬૪-૬૯ વજન ગ્રૂપ સિલ્વર મેડલ, ૨. પાઠક મેહુલ એમ : ૫૨-૫૬ વજન ગ્રૂપ બ્રોન્ઝ મેડલ, ૩. પટેલ અમીત આર. ૬૦-૬૪ વજન ગ્રૂપ બ્રોન્ઝ મેડલ, ૪. તાઈ રમીઝ એમ. ૪૯-૫૨ વજન ગ્રૂપ બ્રોન્ઝ મેડલ મેળવેલ. અભિનંદન

## પીએચ.ડી.

જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના પ્રા. રીતુ આર. અગરવાલે ડૉ. મહેશકુમાર ડે. (એસો. પ્રોફે., અંગ્રેજી અનુસ્નાતક વિભાગ, વી.ન.દ.ગુ.યુ., સુરત.)ના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ Technology in English Language Teaching : an Indian perspective શીર્ષક પરના શોધ નિબંધને માન્ય કરી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતે પીએચ.ડી.ની. પદવી એનાયત કરેલ છે. અભિનંદન.

જે. એમ. શાહ આર્ટસ કોમર્સ કોલેજ, જંબુસરના પ્રા. મહેન્દ્રકુમાર આર. પટેલ ડૉ. અશ્વિન દેસાઈ (નિવૃત પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ કમ્પેરેટિવ લિટરેચર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત) ના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ ફાધર વાલેસ : એક અધ્યયન શીર્ષક પરના શોધ નિબંધને માન્ય કરી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતે પીએચ.ડી.ની પદવી એનાયત કરેલ છે. અભિનંદન.

## એન.એસ.એસ.

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડ અને પરીઆ ગામે પંચાયતના સંયુકત ઉપક્રમે તંદુરસ્ત સમાજ માટે યુવાનો નામે એન.એસ.એસ. શિબિર પરીઆ, તા. ઓલપાડ ખાતે યોજાયો હતો. શિબિરના ઉદ્‌ઘાટન સમારંભનું પ્રમુખ સ્થાને ઓ.એન.જી.સી.ના ડે. જનરલ મેનેજર શ્રી કે. આંબેડકર અને મુખ્ય મહેમાનપદે સુમુલ ડેરીના ડીરેકટર શ્રી જયેશભાઈ પટેલ હાજર રહયા હતા. આચાર્યશ્રી ઈશ્વરભાઈ પટેલે સ્વાગત પ્રવચન કર્યુ હતું. એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રા.એ.ડી.પંચાલે કોલેજની એન.એસ.એસ. પ્રવૃતિઓનો અહેવાલ રજુ કર્યો હતો. શિબિર દરમ્યાન શિબિરાર્થીઓએ ગ્રામજનો સાથે મળીને ગ્રામ સફાઈ, પ્રભાતફેરી, શ્રમકાર્ય, પાણીની ટાંકીને સફાઈ સર્વેક્ષણની પ્રવૃતિ કરી હતી. ઉપરાંત ચિત્ર, નિબંધ, દેશભકિત ગીત, ભજન, ગરબા, વાનગી, ગૃહસુશોભન તથા કેરમ, વોલીબોલ, બેડમોન્ટન કિક્રેટ જેવી રમતોની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. શિબિર દરમ્યાન યુનિ.ના એન.એસ.એસ, પ્રો.કો. - ડો. માલવીયા, વ્યારા કોલેજના પ્રિ. એચ. વાય. ખરવાસીયા, બરફીવાલા કોલેજના પ્રિ.ડી.એ.પટેલ, વાડીઆ વિમેન્સ કોલેજના પ્રિ. અશોકભાઈ દેસાઈ તથા ઓલપાડ કોલેજના ડો. આર. પી. પટેલ, પ્રા. જે.એમ.રાણા, પ્રા. આર. બી. ઢીમર, લા. કે. એમ. ટંડેલ, શ્રી યોગેશભાઈ અડાજણીયા, શ્રી ભરતભાઈ માળી, શ્રી પવિણભાઈ પરમાર, સુરત ડી. કો. ઓ બેંકના શ્રી ઈન્દ્રસિંહ મહીડા, શ્રી લાલસિંહ મહીડા, શ્રી પ્રદીપ શિરસાઠ, શ્રી અમિત પટેલ કોલેજ સંચાલક મંડળના હોદ્દેદારો વકતવ્ય આપ્યાં હતાં. શિબિરને અંતે ઈનામ વિતરણનું સંચાલન પ્રા. વિનોદભાઈ પટેલે કર્યુ હતું અને આભારવિધિ પ્રા. કે. જી. ચપટવાલાએ આટોપી હતી.

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ એન. એસ. એસ. ના વાર્ષિક શિબિરનો પૂર્ણાહૂતિ સમારોહ પ્રિ.ડૉ.જે.એમ.નાયકના પ્રમુખપદે, શ્રી એ. એન. માલવિયાના મુખ્ય મહેમાન પદે તથા પ્રા. ભૈરવીબેન દેસાઈ, પ્રા. ડૉ. ઈન્તેખાબ અનસારી અને શ્રીમતિ ગીતાબેન પટેલના અતિથિ વિશેષ પદે મરલા મુકામે સંપન્ન થયો હતો. શિબિરમાં શ્રમયજ્ઞ વિદ્વાન વકતાઓ દ્રારા બૌધ્ધિક ચિંતન, ગામજનો અને શિબિરાર્થીઓ દ્વારા સમૂહમાં વાંચન, સિકલસેલ એનીમીયા પરીક્ષણ, ચશ્મા શિબિર, અંધશ્રધ્ધા નિવારણ, વ્યસનમુકિત, ભજનસંધ્યા, હાસ્યગુલાલ, પશુપાલન અંગેની ડોકયુમેન્ટરી ફિલ્મ અને 'એક સાથે વાંચશે' શિબિરાર્થીઓ સાથે ગ્રામજનો' વિગેરે થયેલી કામગીરીનો અહેવાલ પ્રા.ટી.જી. પટેલે આપ્યો હતો. સમારંભના પ્રમુખ સ્થાનેથી પ્રિ.ડૉ.જે.એમ.નાયકે શિબિરાર્થીઓને ઉદ્દેશીને જણાવ્યું હતું કે કોલેજના વર્ગખંડની ચાર દિવાલની બહારનું આ શિક્ષણ જીવનમાં ઉપયોગી થશે. સાત દિવસના શિબિરથી તમારામાં ચોકકસપણે બદલાવ આવ્યો હશે. જીવન ઉન્નત બનાવવા કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. પ્રા. ભૈરવી બેન એમના કોલેજકાળના શિબિરના સંસ્મરણો વગોળ્યા હતા. ડૉ.અનસારીએ શિબિરમાં મેળવેલા ભાથાનો પ્રસાર કરીને અન્યોને પણ પ્રોત્સાહન પૂરૂ પાડવા અનુરોધ કર્યો હતો. માલવિયાએ શિબિરની જવલંત સફળતા માટે યુનિવર્સિટી વતી સંતોષની લાગણી વ્યકત કરી હતી. શિબિરાર્થીઓએ પ્રતિભાવ રજૂ કર્યા હતા. પ્રા.કે.સી પટેલે કાર્યક્રમનું સંચાલન અને પ્રા.આર.આર. પટેલે આભારવિધિ કરી હતી.

જીવનજયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝાડ.શાહ આર્ટ્સ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીનો સેગવા ગ્રામ પંચાયતના ઉપક્રમે એન.એસ.એસ. પ્રવૃત્તિનો શિબિરનો ઉદ્‌ઘાટન સમારોહ સેગવા ખાતે યોજાયો હતો. પ્રિ. ડૉ. કે. એન. ચાવડાએ પ્રાસંગિક પ્રવચનમાં એન. એસ. એસ. કેમ્પની મહત્તા દર્શાવી હતી. આ શિબિરમાં સ્વયંસેવકોએ ઉત્સાહભેર વિવિધ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો. આ શિબિરમાં ગામના આગેવાન શ્રી જીતુભાઈ, વિજયભાઈ, ભૂપેન્દ્રભાઈ, ધનસુખભાઈ, યુવાનો તેમજ શ્રી એ. એન. માલવિયા (એન.એસ.કૉ.ઓર્ડીનેટર શ્રી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.) આચાર્યશ્રી ડૉ. કે.એન.ચાવડાનો સહકાર મળ્યો હતો. આ શિબિરમાં પ્રિ. ડૉ. દિલિપભાઈ વરસાણી, (ધારૂકાવાલા આર્ટ્સ કોલેજ, વરાછા, સુરત.), પ્રિ.ડૉ.હિતેન્દ્રસિંહ ખરવાસિયા (વ્યાર કોલેજ), જીવનજયોત ટ્રસ્ટના પ્રમુખશ્રી કાંતિલાલ શાહ, મંત્રીશ્રી, અશ્વિનભાઈ પટેલ, શ્રી અનુજભાઈ શાહ, પ્રેસ રિપોર્ટરશ્રી નરેશભાઈ કાપડીયા, પ્રા.કે.જી.પટેલ હાજર રહયા હતા. અનુભવી મહાનુભાવકો દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## વાચન વિશેષ

### પુસ્તક પરિચય

**સંદર્ભગ્રંથો અને ગ્રંથસંસ્કૃતિ : શ્રી પ્રહલાદભાઈ ત્રિભોવનદાસ પટેલ અમૃતપર્વ અભિનંદન ગ્રંથ.** સંપાદક : શ્રી મણિભાઈ પ્રજાપતિ. પ્રકાશક : વિસનગર : શ્રી પ્રહલાદભાઈ પટેલ, ૨૧ નવેમ્બર, ૨૦૧૦. પૃ. ૪૫૩.

પ્રસ્તુત અભિનંદન ગ્રંથના સંપાદક પૂર્વ યુનિવર્સિટી ગ્રંથપાલ અને અધ્યક્ષ, ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ, પૂર્વ, લાઈબ્રેરી પ્રોજેક્ટ ડાયરેક્ટર, એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડોલોજી, અમદાવાદ અને પ્રકાશ અધિકારી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ગાંધીનગરના પ્રકાશન અધિકારી તથા વિદ્યાર્થીઓના વંદનીય અને પ્રિય શ્રી એમ.કે. પ્રજાપતિ છે. ગ્રંથાલયશાસ્ત્રના જ નહીં પણ સંસ્કૃત અને પ્રાકૃતના વિદ્વાન અને અનુભવી, ગુરૂવર્ય શ્રી એમ.કે. પ્રજાપતિનું હસ્તપ્રતો ઉપર અમૂલ્ય પ્રદાન રહેલું છે અને ગ્રંથાલયશાસ્ત્રના મહત્તમ ગ્રંથો પણ પ્રકાશિત થયેલા છે. આ ગ્રંથ અગાઉ પણ આ ગ્રંથના સંપાદકશ્રીના શ્રી પી.ટી. પટેલ ષષ્ટિપૂર્તિ અભિવાદન ગ્રંથ 'ઉચ્ચશિક્ષણમાં ગ્રંથાલયોની ભૂમિકા', શ્રી મોહનલાલ પટેલ અધ્યયન ગ્રંથ (૨૦૦૧, પૃ. ૪૧૬) અને The Glorious History and Culture of Anhilwad Patan (Gujarat) (Prof. M. P. Brahmkshatriya Felicitation Volume) (૨૦૦૯, પૃ. ૮૫૮) પ્રકાશિત થયેલ છે.

સંદર્ભગ્રંથોનો સંદર્ભગ્રંથ એટલે 'સંદર્ભગ્રંથો અને ગ્રંથસંસ્કૃતિ'. પ્રસ્તુત ગ્રંથ 'સંદર્ભગ્રંથો અને માહિતી સ્ત્રોતો'ને કેન્દ્રમાં રાખીને તૈયાર કરવામાં આવેલ છે. આ ગ્રંથમાં વિવિધ પ્રકારના સંદર્ભગ્રંથો જેમ કે શબ્દકોશ (૫ લેખ), થિસોરસ (૨ લેખ), વિશ્વકોશ (૯ લેખ), વાડમયસૂચિ (૬ લેખ) ગેઝેટિયર્સ (૩ લેખ), વાર્ષિકી (૪ લેખ), નિર્દેશિકા (૩ લેખ), ઈન્ટરનેટ સ્ત્રોતો (૧ લેખ), ગ્રંથસંસ્કૃતિ (૬ લેખ) અને જ્ઞાનનિધિ (૧ લેખ) તદ્પરાંત શ્રી પી.ટી. પટેલ જીવન-કવન ઉપર ૮ લેખ અને પૂર્વપીઠિકાના ૪ લેખનો સમાવેશ થાય છે. જ્ઞાનનિધિમાં સમાવાયેલી માહિતી ગ્રંથાલયશાસ્ત્રના વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યૂ અને જી-સ્લેટ અને નેટની પરીક્ષામાં પૂછાઈ શકે તેવા પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવે છે જે ઉપયોગી છે.

ગ્રંથાલયશાસ્ત્રના આ અદભૂત સંદર્ભગ્રંથમાં ગ્રંથાલયશાસ્ત્રના વિદ્વાનો પૈકી શ્રી મણિભાઈ પ્રજાપતિ, ડૉ. કિરીટ મ. વ્યાસ, ડૉ. શિવદાન ચારણ, ડૉ. વનિતા કાલાણી, ડૉ. દિપ્તી સોની, શ્રી કિરણચંદ્ર હ. પટેલ, કિરીટ ભાવસાર, ભારતી દેસાઈ અને ડૉ. ગીતા પટેલ તથા શ્રી મણિભાઈ પ્રજાપતિના છાત્રો કે જેઓ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના ગ્રંથાલયો સાથે સંકળાયેલ છે તે પૈકી ફાલ્ગુની પ્રજાપતિ, ભગવતી આર. પ્રજાપતિ, રાકેશ પ્રજાપતિ, શ્રી ભગવાનભાઈ ચૌધરી, ડૉ. કનકબાળા જાની, હેતલ પ્રજાપતિ, સ્મિતા પ્રજાપતિ, શ્રી પરેશ ઈલાસરિયા, મંજુલા પરમાર, શ્રી અજય રાવલ, શ્રી બી.જે. અંકુયાના લેખોનો સમાવેશ થયેલ છે. તદ્પરાંત ગુજરાતી સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારો પૈકી શ્રી રમણ સોની, શ્રી ચંદ્રકાન્ત શેઠ, શ્રી ભોળાભાઈ પટેલ, શ્રી જયંત મેઘાણી અને શ્રી નિરંજન ભગત અને ભારતી ર. દવેના લેખોનો સમાવેશ થયેલ છે. તદ્પરાંત શ્રી કરસન વણકર, શ્રી રાકેશ ડી. પરમાર, શ્રી ચેતન ડી. પરમાર, પ્રા. પી.કે. કાનડિયાના લેખોનો પણ સમાવેશ થયેલ છે.

સંપાદકશ્રીએ લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારો અને ગ્રંથાલયશાસ્ત્રના મેધાવી વિદ્વાનોની સાથે સાથે પોતાના વિદ્યાર્થીઓના લેખોનો સમાવેશ કરીને પોતાના વિદ્યાર્થીઓને પણ ઉચું સ્થાન અર્પણ કરીને ગુરુભાવના વ્યકત કરી છે.

ગ્રંથાલયશાસ્ત્રના પ્રત્યેક વિદ્યાર્થીએ અને વ્યવસાયિકે આ ગ્રંથને વસાવવો રહયો અને તેનું વાચન કરવું રહયું. સ્વર્ણિમ ગુજરાતના 'વાંચે ગુજરાત'ના સમયમાં ગ્રંથાલયશાસ્ત્રના વિદ્વાનના હસ્તે આ ગ્રંથ પ્રકાશિત થાય છે તે પણ એક અદભૂત ઘટના છે. સંપાદકશ્રીએ સ્વયં પોતાના એકથી વધુ લેખો પ્રગટ કર્યા છે તે ઉચિત છે પણ અન્ય ગ્રંથાલયશાસ્ત્રના લેખકોના એક થી વધારે લેખો છે, તેને બદલે અન્ય લેખકોને પણ સ્થાન આપવું જોઈતું હતું.

ગુજરાતના ગ્રંથાલયજગતમાં શૈક્ષણિક ગ્રંથાલયો ઉપર કોઈપણ પ્રકારનો સ્વાંગ સંપૂર્ણ ગ્રંથ ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ નથી. આપણે આશા રાખીએ સંપાદકશ્રી આ વિષય પર કાર્ય કરીને ગ્રંથાલય જગત ઉપર ઉપકાર કરે.

બી.જે. અંકુયા, આસિસ્ટન્ટ લાઈબ્રેરિઅન

University education, if it provides a new up-to-date sheath for the Idea-that the goal of human effort is the absolute integration of the human personality-is a necessity. If it kills the idea, it is a trap of death.

ક.મા.મુનશી.

જગત જયારે પોતાની કક્ષા ભૂલી, બીજી વ્યકિતઓના ગુણદોષના રજકણોની તુલના કરવા બેસે છે, ત્યારે એની નગ્ન ક્ષુદ્રતાના પ્રદર્શન સિવાય બીજું કંઈ ફલિત થતું નથી.

ક.મા.મુનશી.

માનવી માનવ પ્રત્યે ક્રૂર અને દયાહીન આચરણ કરી શકે તેનો વિચાર પણ દુ:ખદાયી છે.

મધર થેરેસા

જે થવા ઈચ્છું છું એ હું થતો નથી, ને જે ધિકકારું છું, એ જ તો હું કરું છું.

સંત પોલ

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : B J Ankuya, Assistant Librarian
Published by : Shri J R Mehta, Registrar
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 3934179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com